ગાંધીનગર સમાચાર

# પરીક્ષા પૂરી થઈ હવે?

પરીક્ષા પતી નથી કે મમ્મીઓ તૈયાર થઈ જાય. એમના બાબલા બેબલીને એક્ટીવિટી ક્લાસમાં ભરતી કરવા રીતસર દોડ મૂકે. ડ્રોઈંગ, સ્કેટિંગ, સ્વિમિંગ, નૃત્ય, ગાયકી...જેવો જેનો શોખ!

આ શોખ એટલે ફક્ત ઘરના ટાબરિયાઓનો શોખ એમ નહિ હોં! એની મમ્મી, પપ્પા, દાદા, દાદી બધાની અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ પૂરી કરવા પણ બાળકોને ક્લાસમાં મુકાય. કેટલાક કહેતા પણ હોય, અમારા જમાનામાં અમને આવી તક ન હતી મળી! જાણે એમને તક મળી હોત તો શું નું શું કરી નાખત. વિચારો જેને તક મળી રહી છે એ શું કરી લેશે?

ભવિષ્યમાં એવી શક્યતા ખરી કે દરેક ઘરમાંથી એક ગાયક, એક ક્રિકેટર, એક ચિત્રકાર, એક નૃત્યકાર બહાર આવે. એમના શોખની સાથે ભણીને ક્લાસમાં પહેલા, બીજા નંબરે આવવાનું તો ફરજિયાત પાછું. બાળકને જે ગમતું હોય



## લવ યુ જિંદગી

નિયતિ કાપડીયા

એ કરવા દેવાય ત્યાં સુધી ઠીક છે પણ એની ઉપર જ્યારે માબાપની ઈચ્છાઓ થોપાવા લાગે ત્યારે? એક કુમળો છોડ કેટલાનો આધાર બની શકે?

હમણાં પરિણામની સિઝન આવશે અને કેટલાય માબાપ એમના બાળકોના પરિણામપત્રક સોશ્યલ મીડિયા પર મૂકશે. મારા બાબાને સોમાંથી સો આવ્યા કે મારી બેબી બધામાં એ ગ્રેડ લાવી! હવે આમને કોણ સમજાવે કે એમાં કંઈ હરખપદુડા થઈ જવાની જરૂર નથી. ક્લાસના બીજા બાળકોના પરિણામ જોઈ આવો બધાનું લગભગ સરખું જ હશે.

કેટલાક માબાપને એમને જે અંગ્રેજી કવિતા ના આવડતી હોય એ એમનું બાળક બીજા આગળ ગાઈ સંભળાવે ત્યારે અત્યંત ગર્વ થતો હોય. એમના ઘરે જાઓ ત્યારે એમના બાળકની કવિતા સાંભળવી પડશે અને વખાણ પણ કરવા જ પડશે એવી ગણતરી સાથે જ જવું.

જેના ઘરમાંથી કોઈએ બોર્ડની પરિક્ષા આપી હોય ત્યાં જઈને ભૂલેચૂકેય એને ઓછા માર્ક્સ આવી શકે એવું બોલવું જ નહીં. જો ખરેખર એને ઓછા ગુણ આવ્યા તો એ એની ઓછી મહેનતને લીધે નહીં પણ તમારા શબ્દોની, તમારી કાળી જીભને લીધે આવ્યા એ સાબિત થઈ જવાનું. કોઈ તમને બોલાવી તમારી જીભ પણ ચેક કરી શકે છે, જીભ ઉપર કાળો તલ તો નથી!

ટુંકમાં કોઈના ઘરે જાઓ ત્યારે ઘરના સૌથી નાના મેમ્બરને સૌથી વધુ માન આપવું!

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

સમર્પણ કૉલેજ ખાતે એન્યુઅલ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા આચાર્યા ડૉ. રીતુ સકસેનાની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. ભરતસિંહ વાઘેલાએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી.

સાયન્સ અને કોમર્સના પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને કૉલેજ તરફથી મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. અંકિતા પરમાર દ્વારા લેવાયેલા સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ની પરીક્ષામાં અનુક્રમે પાંચમાં અને છઠ્ઠા અનુક્રમે ઉત્તીર્ણ થવા બદલ મેડલ એનાયત





થયા હતા. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીની શૈલી ચૌહાણને પણ બિરદાવવામાં આવી હતી. કૉલેજમાં યોજાયેલ સ્પોર્ટસ ડે અંતર્ગત વિવિધ રમતોમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શિલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કૉલેજમાં વિવિધ કોમ્પિટિશન જેમ કે મોડેલ મેકિંગ (સાયન્ટીફીક), પોસ્ટર મેકિંગ, કલ્ચરલ પ્રોગ્રામમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓને મેડલ આપવામાં આવ્યા હતા.

સમારંભના અતિથિ વિશેષ મહેન્દ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. તેમજ જીવનમાં પ્રામાણિકતાના મૂલ્ય વિશે સમજાવ્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રિતુ સકસેના મેડમે કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. તથા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમના સફળ સંચાલન કો ઓર્ડિનેટર સોનિકા રોશને તથા ભાલચંદ્ર પરમાર તથા સમગ્ર સ્ટાફના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની દિકરીઓનો એફ કેટની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ







ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની બે દીકરીઓ ભાવના અને મુસ્કાન એ એરફોર્સમાં ઓફિસર તરીકે પ્રવેશ આપતી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા એ.એફ.સી.એ.ટી(એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ)માં ઉત્કૃષ્ટ દેખાવ કરીને ગાંધીનગર તેમજ ગુજરાતનું નામ રોશન કરેલ છે.ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા દર વર્ષે બે વખત લેવામાં આવે છે જેના થકી વિદ્યાર્થી સંરક્ષણ ક્ષેત્રે એટલેકે એરફોર્સમાં ડાયરેકટ ઓફિસર સ્તરે પ્રવેશ મેળવી ઉજ્વળ કારકિર્દીની શરૂઆત કરી શકે છે.જ્યારે આજનો વિદ્યાર્થી, ખાસ કરીને ગુજરાતમાં, સંરક્ષણ ક્ષેત્રની પરીક્ષા આપતા ખચકાય છે અથવા માહિતીના અભાવે આપી શકતા નથી ત્યારે આ બે વિદ્યાર્થીનીઓએ ના ફક્ત પરીક્ષા આપી પણ એમાં ખૂબ સરસ રીતે ઉત્તીર્ણ થઈ નવો ચિલો પાડ્યો છે.

બંને વિદ્યાર્થીનીઓ પૈકી ભાવના એ પહેલેથી જ એરફોર્સ ઓફિસર બનવાનું સપનું સેવ્યું હતું એને તેના માટે કોલેજના સમયથી જ આ પરીક્ષા માટે તનતોડ મહેનત ચાલુ કરી હતી. અને અન્ય વિદ્યાર્થીની મુસ્કાને હજી કોલેજ ના છેલ્લા વર્ષમાં જ અભ્યાસ કરતી હોવા છતાં પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ 'ચાલુ કોલેજે અન્ય પરીક્ષાની તૈયારી ન થાય' આવું કહેતા વિદ્યાર્થીઓ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલ છે. મુસ્કાને સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માટે જાગૃતિ ફેલાવતી ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાની ગાંધીનગર સ્થિત શાખાનો આભાર માનતા જણાવ્યું હતું કે ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાના વરિષ્ઠ અધિકારીઓનાં ઉચિત માર્ગદર્શન થકી તેમને આ પરીક્ષા સર કરવામાં સરળતા રહી હતી. ડિફેન્સ યુનિકોર્નના અધિકારીશ્રી એ જણાવ્યું હતું કે, "આજ નો વિધાર્થી ચીલાચાલુ કારકિર્દીથી અલગ કારકિર્દી પસંદ કરી સંરક્ષણ ક્ષેત્રે અને દેશની સેવામાં જોડાય એજ લક્ષ્ય સાથે આ સંસ્થા અવિરત પ્રયત્નશીલ રહી છે અને હંમેશા રહેશે." આગળ આ બંને દિકરીઓ હવે એ.એફ.એસ.બી. (એર ફોર્સ સિલેક્શન બોર્ડ)માં ઉતીર્ણ થશે અને ત્યારબાદ તબીબી ચકાસણી બાદ ભારતીય વાયુ સેના (ઈંડિયન એર ફોર્સ)માં ઓફિસર તરીકે જોડાઈ શકશે.

# ૨૯મી ગુજરાત સ્ટેટ ટેકવોન્ડોમાં વિજેતા ખેલાડીઓનું સન્માન થયું



ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદ ખાતે ખોખરા સ્પોટ્સ કોમ્પલેક્ષ ખાતે ૨૯મી ગુજરાત સ્ટેટ ટેકવોન્ટો ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં કુલ ૫૬૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર માન્ય ડિસ્ટ્રીક્ટ એસોસિએશનના ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો.

જેમાં સબ જુનિયર કેટેગરીમાં ૨૩-૨૪ કિ.ગ્રા.માં ગરોડ કિશન - સિલ્વર, ૨૬-૨૯ કિ. ગ્રા.માં ગરોડ ખુલાશી - બ્રોન્ઝ, + ૪૭ કિ. ગ્રા.માં પટેલ વ્યોમિકા - બ્રોન્ઝ કેટેગરીમાં, ૩૩-૩૭ કિ. ગ્રા.માં નિધિ સોલંકી - બ્રોન્ઝ, ૪૧-૪૪ કિ. ગ્રા.માં શ્રેયા કાપડીયા - સિલ્વર, ૪૫-૪૯ કિ. ગ્રા.માં સમીર - બ્રોન્ઝ, જયારે સિનિયરમાં ૫૩-૫૭ કિ. ગ્રા.માં કાનલ ચોકસી - ગોલ્ડ, ૫૮-૬૮ કિ. ગ્રા.માં પાર્થ પટેલ - બ્રોન્ઝ, ૬૪-૭૪ કિ. ગ્રા. માં પટેલ ક્રિષણ - બ્રોન્ઝ, મેડલ પ્રાપ્ત કર્યા હતા.

આ સર્વ ખેલાડીઓ રાજુસર ટેકવોન્ટો એકેડમીમાં પારુલ ચાવડાના માર્ગદર્શન હેઠળ કોચીંગ લઈ રહ્યા હતા. મેડલ વિજેતા ખેલાડીઓને ગ્રાન્ડ માસ્ટર રાજુભાઈ એચ. ચાવડા સર્વે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જ્યાં સંઘર્ષ નથી ત્યાં કોઈ પ્રગતિ નથી...

## જન્મદિને વધામણી



શ્રીકેત ત્રિવેદી
મો. ૭૦૧૬૯ ૨૫૬૦૩



દરજી નિષ્ઠા સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો





ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૦૭ માર્ચે ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ વિદાય સમારંભ યોજાયો આ કાર્યક્રમમાં ધોરણ-૭ ના વિધ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં આચાર્યા મેડમે પ્રસંગને અનુરૂપ વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમજ ધોરણ-૮ ના વિધ્યાર્થોઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.છેલ્લે ધોરણ ૭ ના વિધ્યાર્થીઓ દ્વારા નાસ્તાનું પણ આયોજન થયું હતું.

# ચકલી વગર સૂંનુ થયું ઘરનું આંગણ

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in



ઘર ચકલી-બાળકોનું પ્રિય, માનવ વસ્તીમાં - માણસ સાથે રહેવા ટેવાયેલું અને મોટાભાગે ટોળામાં જોવા મળતું આ પક્ષી આજે જીવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. એક સમયે વિશ્વભરમાં સૌથી વધુ જોવા મળતી ચકલી આધુનિકરણની દોડમાં જીવવા માટે તરફડી રહી છે અથવા તો મોટેભાગે લુપ્ત થવા જઈ રહી છે. આ લુપ્ત થતી ચકલીઓને બચાવવા માટે સૌપ્રથમ ૨૦ માર્ચ ૨૦૧૦ના દિવસે આખું વિશ્વ એક થયું અને તે દિવસથી વિશ્વભરમાં 'વર્લ્ડ સ્પેરો ડે' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી. 'નેચર ફોરેવર' સોસાયટી નામની સંસ્થાની સાથે, ઈકોસીસ એકશન ફાઉંડેશન (ફ્રાંસ) અને દુનિયાની સંસ્થાઓ અને સંગઠનો આ માટે પ્રયત્નો શરૂ કર્યા છે.

હથેળી જેટલું કદ ધરાવતી આ ઘર ચકલી વિશે થોડું જાણીએ.

પીછાના રંગ ઉપરથી નર અને માદા ચકલીઓ અલગ તારવી શકાય છે. તે મુખ્યત્વે કિટાણું અને અન્ય નાના જંતુઓ ખાય છે, પરંતુ લોકો સાથે રહેવાથી તે મોટેભાગે શાકાહારી બની છે. સામાન્ય સંજોગોમાં ૨૪ માઈલ પ્રતિ કલાક ઉડતી ચકલી ભયના સમયે ૩૧ માઈલ પ્રતિ કલાકની ગતિએ ઉડી શકે છે તો ખાસ અસામાન્ય સંજોગોમાં તરી પણ શકે છે. જેમ પાણી પોતાના શરીર ઉપર નાખી નહીએ તેમ ચકલી પોતાના ઉપર માટી અને ધૂળ ફેંકી કે ધૂળમાં આળોટી ન્હાય છે. સામાન્ય આયુષ્ય મર્યાદા ૪ થી ૫ વર્ષ છે. હેન્ડબુક ઓફ ટેકસાસ ઓનલાઈન મુજબ તે ૮૩૦થી વધુ પ્રકારના અલગ અલગ ખોરાક ખાવા માટે જાણીતી છે. ચકલીઓ અનાજ, ફળ ફૂલ, ઘાસના બીજ ખાય છે અને તેને પ્રુથ્વીના એક સ્થાનથી બીજા સ્થાન સુધી પહોંચાડી પર્યાવરણ સંતુલનનું કામ કરે છે. પાક અને ઝાડ – છોડને નુકશાનકર્તા કંઈ પ્રકારના કીડા, કૃમિઓ અને ઈયળોને પોતાનું ભોજન બનાવી એક પ્રકારના કુદરતી પેસ્ટીસાઈડનું કામ કરે છે. આમ, તે પર્યાવરણ અને 'ઈકોસીસ્ટમ'નો ખૂબ અગત્યનો ભાગ છે. કોઈપણ વાતાવરણમાં જીવીત રહેવાની ક્ષમતા ધરાવતું આ પક્ષી એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને અમેરિકામાં વસવાટ કરે છે.

છેલ્લ ૨૫ વર્ષના ગાળામાં આ ચકલીઓની વસ્તીમાં ઘટાડો થવા જઈ રહ્યો છે. આ માટે ઘણા કારણો જવાબદાર છે તેમાં એક કારણ માનવની ઝડપથી બદલાતી અને મોર્ડન લાઈફ સ્ટાઈલ છે. આને લીધે ચકલીઓને આશ્રય, આહાર અને સલામતી મળવાનું ખૂબ ઓછું થઈ ગયું છે. જો આપણે આવી નાની ચકલીને આ દુનિયામાં જીવવા દેતા નથી જે આપણા માટે તો આ સંકટની ચેતવણી છે. અન્ય કારણોમાં હદ બહારનાં ધ્વનિ અને વાયુ પ્રદુષણ, મોબાઈલ ટાવરોમાંથી નિકળતાં ઈલેક્ટ્રો-મેગ્નેટિક તરંગો, રાસાયણિક ખાતરો, પેસ્ટિસાઈડ્સ, મકાનોની બદલાયેલી રચના, અન્ય માંસાહારી પશુ-પક્ષીઓની વધેલી સંખ્યા, ઘાસના મેદાનોમાં ઘટાડો, વૃક્ષોનું ઓછા પ્રમાણમાં વાવેતર જે આ નાનકડી ચકલીના અસ્તિત્વ માટે જોખમી સાબિત થયાં છે. ચકલીઓ મોટાભાગે વૃક્ષો પર માળા ન બાંધતાં ઘરોમાં ધાબા ઉપર, બારીમાં, ઘરની અંદર અભરાઈઓમાં રાખેલા વાસણો, પંખા, વિધ્યુત મીટર, ટ્યુબલાઈટની પટ્ટીઓ, બલ્બના હોલ્ડર, ફોટોફ્રેમની પાછળની બાજુએ ઘાસ, તણખલાં, રૂ, સાવરણીની સળીઓ, દોરાથી માળો બાંધે છે. અને આ જ કારણ છે તેનું મનુષ્યની નજીક હોવાપણાનું. તેમનો મુખ્ય ખોરાક અનાજનાં દાણાં, રાંધેલો ખોરાક, ઘાસનાં ફૂલ-બીજ, વૃક્ષોનાં ફળો, ઈયળ, કીટકો, ફૂદાં છે.

ચકલીઓએ આ જમાનામાં સૌથી પહેલો પ્રશ્ન સલામત રીતે પોતાનો માળો કંઈ જગ્યાએ બાંધવો તે છે. અને તેને કારણે જ તેમનો વંશવેલો આગળ વધી રહયો નથી. શહેરોમાં ઘોંઘાટને કારણે ચકલીઓની સંવનન ક્ષમતા ઘટી છે. આજે મકાનો ખૂબ જ મોર્ડન સ્ટાઈલના બાંધવામાં આવે છે જેમાં અભરાઈઓ, બાકોરા કે ફોટોફ્રેમ નથી હોતાં. 'અનલીડેડ' પેટ્રોલના દહનથી વાતાવરણમાં ભળતું 'મીથાઈલ નાઈટ્રાઈટ', પેસ્ટીસાઈડ્જ, રસાયણિક ખાતરો કે જેનાથી કીટકો, ઈયળો, પતંગીયાંનો નાશ પામે છે તેથી ચકલીઓને પૂરતો અને પોષણક્ષમ આહાર ન મળવાથી ઘણાં બચ્ચાં નાનપણમાં જ મૃત્યુ પામે છે. જેના કારણે ચકલીઓની નવી પેઢી તૈયાર થવાનું જ ઘટી ગયું છે.

પહેલા ખેતર, વંડા કે ઘરની આસપાસ મેંદી, થોર, બોરડી, બાવળ કે વેલાંઓની વાડ કરવામાં આવતી હતી. જેમાં ચકલીઓ દિવસે અને રાત્રે ભરાઈ રહેતી હતી. ઉપરાંત, આ વાડમાંથી પોતાનો ખોરાક એવા કીટકો, ફૂંદા, ફળો મળી રહેતા અને કાગડા, સમડી કે બિલાડી જેવાં શિકારી પશુ- પક્ષીઓના શિકારથી પણ બચી શકતી હતી. પણ હવે આવી કુદરતી વાડોને બદલે ઈંટની દીવાલ કે લોખંડના તારની વાડ બનાવીએ છીએ. જે પંખીઓ માટે ન તો આશ્રય પુરો પાડે છે ન તો ખોરાક અને પોતાનો શિકાર થવાનો ભય તો ખરો જ. એક સર્વે મુજબ ચકલાંનાં બચ્ચાંમાંથી માંડ ૨૫% જેટલાં બચ્ચાં જ પુખ્ત બને છે. બાકીનાં ૭૫% તો મોટાં થતાં પહેલાં જ મૃત્યુ પામે છે. આવી પરિસ્થિતિમાં બાળકોનો પણ પેઢીઓથી ચાલી આવતો ચકલીઓ સાથેનો નાતો જ તૂટી ગયો છે. 'ઈકો ફ્રેંડલી' ઘર બનાવી આપતા આર્કીટેક પણ તેમની ડિઝાઈનમાં પ્રકૃતિ અને પંખીઓ માટે કોઈ વિચાર કરતા નથી. પહેલાના જમાનામાં ચકલી કે અન્ય પંખીનો માળો ફેંકી દેવાથી પાપ લાગશે તેમ મનાતું પણ હવે 'ચકલીઓ આવશે અને ઘર બગાડશે' એવું કહીં આપણે આ ચકલીઓને ઘર કે આંગણમાં ઘુસવા દેતાં નથી !

ચકલીઓને બચાવવાં આટલું જરુર કરીએ.:-

બાળકો કુદરત પ્રત્યે આકર્ષાય તે માટે તેમની પાસે ચકલીઓના સલામત રહેઠાણના વિકલ્પ રૂપે પૂઠાં, થર્મોકોલ, પ્લાસ્ટીક, લાકડાં કે માટલાંના બનેલાં બોક્સ કે જે 'નેસ્ટ હાઉસ' તરીકે ઓળખાય છે તે બનાવી અગાસી, બાલ્કની કે ફળીયામાં ઝાડ ઉપર લટકાવવા જોઈએ. તેમને ખાવાના ચણ તરીકે જુવાર, બાજરી, ચોખાની કણકી, રોટલીના ટૂકડા, ભાત વગેરે મુકવા જોઈયે. દેશી અને ફળાઉ વૃક્ષો વાવીએ. ખેતર-બગીચામાં કુદરતી વાડ કરીએ. દેખાવમાં સુંદર પરંતુ વાસ્તવમાં બિનઉપયોગી છોડની બદલે પક્ષીઓને ઉપયોગી હોય તેવા ફૂલ-છોડ રોપીએ. ઉનાળાની ઋતુમાં ચકલીઓને ડિહાઈડ્રેશનથી બચાવવા પાણીના કૂંડા મુકીએ. આજુબાજુના ઘરો કે સોસાયટીના લોકોને આ બાબતે સમજાવી જાગ્રુતી લાવીએ.

'નેચર ફોરેવર' સોસાયટી નામની સંસ્થાની શરૂઆત કરી ચકલીઓને બચાવવાની ઝુબેશ શરૂ કરનાર ભારતીય એવા મોહમ્મદ દિલાવરને ટાઈમ મેગેજીન તરફથી ૨૦૦૮માં ' હીરો ઓફ ધ એન્વાયરમેન્ટ ' નામના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જયારે આ ચકલીઓની પ્રજાતિઓ બચાવવા માટે તેમજ તેના જીવન અને વસવાટ અંગે જાગૃતિ વધારવા માટેના એક મોટા અભિયાનના એક ભાગ રૂપે દિલ્હીમાં ચકલીને ૨૦૧૨માં ' ધ સ્ટેટ બર્ડ ઓફ ન્યુ દિલ્હી ' જાહેર કરવામાં આવી હતી.



# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા 'ઈ - લર્નિંગ'ની પહેલ

ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં વિશ્વભરમાં આજે જયારે કોરોના વાયરસ ના ચેપ લાગવાનો ભય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોવીડ-૧૯ ને 'રોગચાળો' જાહેર કર્યો છે. યુએસ પ્રેસિડન્ટ દ્વારા કોરોનાવાયરસ રોગચાળાને લઈને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે કેમ કે આ વાયરસ જીવલેણ સાબિત થઈ રહ્યો છે ત્યારે અગમચેતી ના પગલે ગુજરાત સરકાર દ્વારા ૧૪ દિવસો સુધી સ્કૂલો, કોલેજો, મોલ, મલ્ટિપ્લેક્સ ને બંધ રાખવાનો આદેશ અપાયો છે.

શૈક્ષણિક કાર્ય બંધ છે પરંતુ અધ્યાપકો અને સ્ટાફ મેમ્બર્સ ફરજ પર ઉપસ્થિત છે. આવા સંજોગો માં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા 'ઈ - લર્નિંગ' ની પહેલ કરવામાં આવી છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી માં એન્જિનિરીંગ, ડિઝાઈન, આયુર્વેદિક, નર્સિંગ, હોમીયોપેથી, ફિઝિયોથેરાપી, સાયન્સ, બિઝનેસ વિગેરે શાખામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓ નું ભણતર બગડે નહિ અને સમય નો સદુપયોગ થાય તે હેતુ સર, અધ્યાપકો પોતાનું લેક્ચર વિડિઓ રેકોર્ડિંગ કરીને વિદ્યાર્થીઓ ને વોટસસપ ગ્રુપ માં મોકલી આપશે તથા વેબિનાર અને લર્નિંગ લિંક્સ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન માધ્યમ દ્વારા ઘરે બેઠા પણ શૈક્ષણિક કાર્ય શક્ય કરી શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સવાલ - જવાબ ના સેશન પણ સ્કાઈપે દ્વારા શરુ કરવામાં આવ્યા છે જેથી તેઓ ને પોતાના મૂંઝવતા સવાલો ના યોગ્ય જવાબો અધ્યાપકો દ્વારા મળી શકે.

જે એકેડેમિક ટાઈમ ટેબલ ક્લાસ રૂમ માં અનુસરાતું હતું તે જ પ્રમાણે વિદ્યાર્થીઓ ના સેશન ઈ - લર્નિંગ ના માધ્યમ થી અભ્યાસ શરૂ રહેશે.

આવી કટોકટી અને ગંભીર પરિસ્થિતિમાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા તમામ અગમચેતીના પગલાંઓ ગંભીરતાથી લેવાઈ રહ્યા છે. વોશરૂમ, વર્ગખંડો, કેન્ટીન, હોસ્ટેલ, યુનિવર્સિટી ની ઓફિસો માં સાફ સફાઈ હંમેશા ની જેમ ખુબ જ કાળજીપૂર્વક કરાઈ રહી છે. સ્વચ્છતા ની જાળવણીના ભાગરૂપે સેનિટાઈઝર ની સુવિધા પણ યુનિવર્સિટી કેમ્પસ માં ઉપલબ્ધ કરવામાં આવી છે.

યુનિવર્સિટી માં આવેલી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા વિદ્યાર્થીઓ, સ્ટાફ મેમ્બર તેમ જ ગામડાના રહીશો માટે વિના મુલ્યે 'આયુર્વેદિક ઉકાળો' નું વિતરણ પણ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. એચ.એચ. પટેલ હાઈ સ્કુલ, ધમાસના ગામ ખાતે કોરોના વાયરસ પ્રતિબંધક આયુર્વેદિક ઉકાળા ના વિતરણ નો આયોજન કરેલ છે. જેમાં ૧૫૦ થી વધુ ગ્રામ્યજનો ને આનો લાભ મળશે.

હોમીયોપેથીક હોસ્પિટલના ડોકટર અને વિદ્યાર્થીઓની ટીમ દ્વારા તા. ૨૩ માર્ચ ના રોજ પ્રાથમિક શાળા, સૈજપુર-ગોપાલપુર, પીરાણા રોડ ખાતે મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં કોરોના વાયરસ સામે રક્ષણ આપતી દવાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. આ કેમ્પ દ્વારા આશરે ૫૦૦૦ થી વધુ લોકો ને સારવાર, માહિતી અને વિના મુલ્યે હોમીઓપેથીક દવા આપવાનો એક ભગીરથ પ્રયત્ન સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.